**Natubhai Patel**
President

**Hemant N. Shah**
Sr. Vice President

**K. I. Patel**
Vice President

**Pathik S. Patwari**
Hon. Secretary

**V. P. Vaishnav**
Hon. Secretary (R)

**Sachin K. Patel**
Hon. Treasurer


તા.24/5/2021 /7236

**શ્રી પ્રદિપસિંહજી જાડેજા**
**માનનીય ગૃહમંત્રીશ્રી**
**ગુજરાત રાજ્ય**
**ગાંધીનગર.**

**વિષય: ગુજરાત સરકાર દ્વારા તા.28/5/2021 થી જાહેર કરવાની નવી ગાઈડલાઇનમાં વેપારીઓ અને નાગરિકોને રાહત આપવા અંગે**

માનનીય ગૃહમંત્રીશ્રી,

ગુજરાત ચેમ્બર ઓફ કૉમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (GCCI) તરફથી શુભેચ્છાઓ.

ગુજરાત સરકારે કોરોનાના સંક્રમણને નિયંત્રિત કરવા લીધેલા સક્રિય પગલાંઓને લીધે કોરોના ના કેસોમાં પ્રતિદિન ઘટાડો નોંધાઈ રહ્યો છે એ એક રાહત ના સમાચાર છે. રાજયના વેપારીઓના હિતને ધ્યાનમાં રાખી ને દુકાનોને સવારના 9 વાગ્યા થી બપોરના 3 વાગ્યા સુધી ખુલ્લી રાખવા માટે આપેલ મંજૂરી ઘણી આવકાર્ય છે. કોરોનાના સંક્રમણમાં થતાં ઘટાડાને ધ્યાનમાં રાખતા આપશ્રી દ્વારા જે નવી ગાઇડલાઇન બહાર પાડવામાં આવશે એમાં વેપારીઓ અને નાગરિકોને નીચે મુજબની રાહત આપવા અમારી આપને વિનંતી છે.

- સાહેબશ્રી, અમે આપશ્રી નું ધ્યાન દોરવા માંગીએ છીએ કે હાલમાં દુકાનો ખોલવા માટે સવારે 9 વાગ્યા થી 3 વાગ્યા નો સમય આપવામાં આવ્યો છે પરંતુ ગુજરાતના વાતાવરણને કારણે અને ખરીદ- વેચાણ ની પ્રણાલિકા મુજબ મોટાભાગે લોકો બપોર પછીના સમયની પસંદગી કરતા હોય છે જેથી વેપારીઓને ધંધા માટે આ સમય ખુબ અગત્યનો હોય છે. અમારી આપશ્રીને વિનંતી છે કે આપશ્રી દ્વારા જે નવી ગાઈડલાઈન બહાર પાડવામાં આવે એમાં **આ સમયમાં ફેરફાર કરીને જો સવારે 11 વાગ્યા થી સાંજે 6 વાગ્યા સુધી કરવામાં આવશે તો નાગરીકો અને વેપારીઓને ઘણી સુવિધા રહેશે.**

- આપશ્રી વિદિત છો તેમ ગુજરાત માં 40,000 થી 50,000 જેટલી હોટેલ અને રેસ્ટોરન્ટ આવેલ છે જે એની સાથે સીધી-આડકતરી રીતે સંકળાયેલા અંદાજે 10-12 લાખ લોકોને રોજગારી પુરી પાડે છે. આ ઉદ્યોગ એક વર્ષ કરતા વધુ સમયથી કટોકટીની પરિસ્થિતિનો સામનો કરી રહ્યો છે. હોટેલ અને રેસ્ટોરન્ટને ધંધા નો મુખ્ય સમય સાંજ નો હોય છે

**Natubhai Patel**
President
**Hemant N. Shah**
Sr. Vice President
**K. I. Patel**
Vice President
**Pathik S. Patwari**
Hon. Secretary
**V. P. Vaishnav**
Hon. Secretary (R)
**Sachin K. Patel**
Hon. Treasurer

ત્યારે આ ગાઇડલાઇનમાં માત્ર રાત્રીના 8 વાગ્યા સુધી હોમ ડીલીવરી ની મળેલ મંજૂરીના લીધે એમને કોઈ ફાયદો મળેલ નથી. **હોટેલ અને રેસ્ટોરનન્ટ માં હોમ ડિલિવરી માટેનો સમય રાત્રી ના 11 વાગ્યા સુધી કરી આપશો તો આ ઉદ્યોગો ને ઘણી રાહત મળશે અને કોરોના સંક્રમણમાં પણ એના થી કોઈ વધારો નહીં થાય.**

- આપ જાણો છો કે હાલ માં AMTS - BRTS બસ ની સેવા બંધ હોવા ને લીધે નાગરિકોને લોકલ ટ્રાન્સપોર્ટ માં ઘણી મુશ્કેલી થઇ રહી છે.રીક્ષા ચાલકો પણ વધારે ભાડું વસૂલી રહ્યા છે અને પેટ્રોલ - ડીઝલ ના ભાવ માં થયેલા વધારાને લીધે પોતાના વાહનથી અવરજવર કરવી સામાન્ય નાગરિક ને પોસાય તેમ નથી. તો જે રીતે એસટી બસો ની સેવા ચાલુ છે એ રીતે **લોકલ બસોને પણ 50% કેપેસીટી અને નીતિ નિયમોના પાલન સાથે શરુ કરવામાં આવશે તો નાગરિકોને ઘણી રાહત રહેશે.**

ઉપરોકત બાબતને ધ્યાન માં રાખતા આપના તરફથી સકારાત્મક પગલાં લેવા અમારી આપને વિનંતી છે.

આપના સહકારની અપેક્ષા સહ

આપનો વિશ્વાસુ

**નટુભાઈ પટેલ**
**પ્રમુખ**

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. | +91 - 79 - 2658 2301-2-3-4 | gcci@gujaratchamber.org | www.gujaratchamber.org